।। विणओ मूलं परमो से मोक्खो ।।

વિનય જ મોક્ષનું મૂલ છે

વિનય ધમ્મં

# મારો વિનય

:પ્રેરણા:

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

।। विणओ मूलं परमो से मोक्खो ।।

વિનય જ મોક્ષનું મૂલ છે

विनय धम्मं

# મારો વિનય

:પ્રેરણા:

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

# મારો વિનય

PARASDHAM

વલ્લભ બાગ લેન, તિલક રોડ,
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - 400077

PAWANDHAM

B.C.C.I. ગ્રાઉન્ડની સામે, મહાવીર નગર,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - 400067

# પૂજનીય સદ્ગુરુ સાંનિધ્યે મારો વિનય

**એ**ક આત્મા જ્યારે અનંત પુણ્યની રાશિ એકત્રિત કરે છે ત્યારે જ તેને પૂજનીય સદ્ગુરુના સાંનિધ્યની એક ક્ષણની પ્રાપ્તિ થતી હોય છે. સદ્ગુરુ સાંનિધ્યની એ દુર્લભ ક્ષણોમાં, શિષ્ય પોતાના મન-વચન અને કાયાના યોગોને જો પૂર્ણરૂપે વિનયધર્મમાં સ્થાપિત કરે, તો તેના આત્માની શુદ્ધિ સાથે ગુણોમાં પણ વૃદ્ધિ થતી હોય છે.

પરંતુ પૂજ્ય સદ્ગુરુ સાંનિધ્યમાં કરવામાં આવતો અવિનય, શિષ્ય માટે સદ્ગુરુની આશાતનાનું અને અવગુણનું કારણ બની જતો હોય છે !

સદ્ગુરુ સાંનિધ્યની એ ધન્ય ક્ષણોમાં, આપણે પણ આપણા યોગોને વિનયધર્મમાં સ્થાપિત કરીએ !

# મનયોગ વિનય

# ॥ मणसो एगत्तीकरणेणं ॥

-શ્રી ભગવતી સૂત્ર

## સદ્‌ગુરુ સાંનિધ્યે
## મનને એકાગ્ર રાખવું જોઈએ

સદ્‌ગુરુ સામે મનને અહીં-તહીં ભટકાવવું તે અવિનય હોય છે. સંપૂર્ણપણે સદ્‌ગુરુમય બનીને, એકાગ્ર થઈને બેસવાથી સદ્‌ગુરુના આત્મભાવો સાથે સહજતાથી અનુસંધાન સાધી શકાય છે. જેના કારણે સદ્‌ગુરુની પ્રેરણા, સદ્‌ગુરુના બોધ અને સદ્‌ગુરુના જ્ઞાનને પામીને શિષ્ય, સદ્‌ગુરુ સાંનિધ્યને સાર્થક કરી લેતો હોય છે.

આવા અમૂલ્ય સાંનિધ્યમાં કોઈ અન્ય વ્યક્તિ સાથે વાતચીત કરવી તે સદ્‌ગુરુના શ્રેષ્ઠ વ્યક્તિત્વને ગૌણ કરીને સામાન્ય વ્યક્તિને મહત્ત્વ આપવા બરાબર હોય છે.

# || सुस्सूसमाणो पडिजागरिज्जा ||

-શ્રી દશવૈકાલિક સૂત્ર

## સદ્‌ગુરુ સાંનિધ્યે જાગૃત રહેવું જોઈએ

સદ્‌ગુરુ સાંનિધ્યે બેસતાં, શિષ્યએ સતત અને સતત સદ્‌ગુરુના સાંકેતિક વચનો, એમની પ્રેરણા અને એમની કૃપાદૃષ્ટિને ઝીલવા માટેની જાગૃતિ રાખવી તે પરમ વિનય હોય છે.

કેમકે સદ્‌ગુરુ હંમેશા પોતાના આત્મભાવોમાં લીન રહેતાં હોય છે. ત્યારે કઈ ધન્ય ક્ષણે તેઓ શિષ્ય પર કરૂણા વરસાવી દે તે નક્કી નથી હોતું. એવા સમયે, શિષ્યની અજાગૃતતા તેને સદ્‌ગુરુની કરૂણાના લાભથી વંચિત કરી દેતી હોય છે. કેમકે, વીતી ગયેલી ક્ષણો ક્યારેય પાછી નથી આવતી.

## પેહેઇ હિયાણુસાસણં,
## સુસ્સુસઇ તં ચ પુણો અહિટ્ઠુએ

-શ્રી દશવૈકાલિક સૂત્ર

**સદ્‌ગુરુ સાથે આત્મ અનુસંધાન કરવા માટે સદ્‌ગુરુની હિતશિક્ષા માટે તત્પર રહેવું જોઈએ**

સદ્‌ગુરુના આત્મામાંથી ક્ષણે ક્ષણે શુભ અને પવિત્ર ભાવોની પરિણતિઓ વહેતી હોય છે. શિષ્ય જ્યારે સદ્‌ગુરુના આત્મા સાથે પોતાના આત્માનું અનુસંધાન કરે છે ત્યારે શિષ્ય હૃદયના મલિન અને અશુદ્ધ ભાવો પણ શુદ્ધ થવા લાગે છે. એટલા સમય દરમ્યાન શિષ્ય-હૃદયમાં ઊઠતાં સાંસારિક ભાવો વિરામ પામતાં કર્મબંધ પણ અટકી જતાં હોય છે.

શિષ્યએ વારંવાર સદ્‌ગુરુના સાંનિધ્યમાં જવું જોઈએ અને સદ્‌ગુરુ તરફથી મળતી હિતશિક્ષાઓને સાંભળવા તત્પર રહેવું જોઈએ.

## ।। जो छंदमाराहयइ स पुज्जो ।।

-શ્રી દશવૈકાલિક સૂત્ર

## સદ્‌ગુરુ ઇચ્છાની આરાધના કરવી જોઈએ

સદ્‌ગુરુના સાંનિધ્યે શિષ્યએ સતત અને સતત સદ્‌ગુરુના ઈંગિત આકાર એટલે કે સદ્‌ગુરુના શારિરીક હલન-ચલન પરથી એમના મનોભાવને જાણવાનો વિનય કરવો જોઈએ. આ સમયે મારા સદ્‌ગુરુના શું ભાવ છે ? તેઓ શું ઈચ્છી રહ્યાં છે ? કેવા પ્રકારના દ્રવ્યો એમના માટે અત્યારે અનુકૂળ રહેશે ? હું એમને કઈ રીતે અનુકૂળતા આપી શકીશ ? આવા પ્રકારના ભાવો દ્વારા જે સદ્‌ગુરુને શાતા પમાડે છે, જે સદ્‌ગુરુને અનુકૂળતા કરી આપે છે તે શિષ્ય જગતમાં પૂજનીય-વંદનીય બની જાય છે !

## ||ण य माणमएण मज्जइ||

-શ્રી દશવૈકાલિક સૂત્ર

## સદ્‌ગુરુ સાંનિધ્યે
## અહંકારને ઓગાળીને શૂન્ય બની જવું જોઈએ

શિષ્ય ચાહે કોઈ ઉચ્ચ પદવીનો ધારક હોય કે પછી ચાહે ઉચ્ચ કક્ષાનો જ્ઞાની પણ કેમ ન હોય છતાં સદ્‌ગુરુની સમક્ષ તદ્દ્ન શૂન્ય અને અજ્ઞાની બનીને રહે. સદ્‌ગુરુ પ્રત્યે અત્યંત અહોભાવ સાથે સ્વયંને દીન-હીન અને સદ્‌ગુરુ ચરણની રજ સમાન પણ ન સમજીને જે શિષ્ય પોતાના અહંકારને શૂન્ય બનાવે છે તે પોતાના જીવનને, પોતાના ભવને સાર્થક કરી લે છે. કેમકે, જે શૂન્ય બને છે એ જ પૂર્ણ બની શકે છે. શૂન્યતામાં જ પરિપૂર્ણતાનું રહસ્ય સમાયેલું હોય છે.

# વચનયોગ વિનય

## एग साडिएणं
## उत्तरासंगं करणेणं

-શ્રી ભગવતી સૂત્ર

**સદ્‌ગુરુ સમીપે જઈએ ત્યારે**
**ઉત્તરીય વસ્ત્રને મુખ ઉપર રાખીને જવું**

સદ્‌ગુરુના અંતર અસ્તિત્વ સાથે સદ્‌ગુરુનું બાહ્ય અસ્તિત્વ પણ અત્યંત પાવન અને પવિત્ર હોય છે. અને એવા પાવન અસ્તિત્વ સામે ખૂલ્લા મોઢે વાત કરતાં આપણા મુખના અશુદ્ધ અને જીવાણુયુક્ત પરમાણુઓ એમના દેહને કે એમના શ્વાસોશ્વાસને સ્પર્શી પણ ન જાય એની પૂર્ણ તકેદારી રાખવા માટે હાથ, રૂમાલ અથવા મુખ વસ્ત્રિકા બાંધીને વાત કરવી તે આશાતનાને ટાળવારૂપ સદ્‌ગુરુનો વિનય હોય છે.

## તુબ્ભે इच्छाकारेणं
## अणभिओएणं इओ चेव एह

-શ્રી ઉપાસકદશાંગ સૂત્ર

**સદ્‌ગુરુ સાથે નમ્રતાથી**
**ધીમા અવાજે વાત કરવી જોઈએ**

સદ્‌ગુરુ એ કોઈ સામાન્ય વ્યક્તિ નથી હોતાં. એ પરમાત્માના અંશ હોય છે.

સદ્‌ગુરુની સાથે મોટા અવાજે અને અક્કડતાથી બોલવું તે કોહિનૂર હીરાને કાંકરા સમજવા જેવી મૂર્ખતાભર્યો વ્યવહાર હોય છે.

**હે પ્રભુ! આપની ઈચ્છા અને અનુકુળતા હોય તો પધારો.**

આ રીતે નમ્રતાપૂર્વક વાત કરવી જોઈએ.

# || णा पुट्ठो वागरे किंचि ||

-શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્ગુરુ પાસેથી પ્રશ્નનું સમાધાન પામવા આજ્ઞા લેવી જોઈએ

કહેવાય છે કે, કોઈપણ સંત-સતીજી જ્યારે પ્રવચન આપે છે ત્યારે તેમને ખૂબ જ શ્રમ પડતો હોય છે.

માટે જ, પ્રવચન બાદ કે પ્રવચન દરમ્યાન જ્યારે કોઈ પ્રશ્નનું સમાધાન પામવું હોય ત્યારે સદ્ગુરુને અનુકૂળતા છે કે નહીં સમાધાન આપવાની ? એ જાણીને બે હાથ જોડીને નમ્રતાપૂર્વક **‘‘મત્થએણ વંદામિ’’** શબ્દ પ્રયોગનો વિનય કરીને, પછી જીજ્ઞાશા વ્યક્ત કરવી જોઈએ.

**‘‘આપને અનુકૂળતા હોય તો પ્રશ્નનનું સમાધાન આપશો ?’’**

આવો વિનય કર્યા પછી જ પ્રશ્ન પૂછવો જોઈએ.

સદ્ગુરુના સાંનિધ્યમાં બેઠેલા ભાવિકો, સમય તેમજ ક્ષેત્રની મર્યાદાથી આપણે અજાણ હોઈએ છીએ. સદ્ગુરુ આ બધી વાતોને ધ્યાનમાં રાખીને આજ્ઞા આપતાં હોય છે.

પ્રશ્નનું સમાધાન સદ્ગુરુ મુખેથી મળ્યાં પછી **‘‘તમેવ સચ્ચં’’** એટલે કે તમે જે કહો છો તે સત્ય છે એવા શબ્દો કે અન્ય શબ્દો સાથે ઉપકારની અભિવ્યક્તિ કરવી જોઈએ !

# ॥ हियमाणुलोमियं ॥

-શ્રી દશવૈકાલિક સૂત્ર

**સદ્‌ગુરુ સાથે હંમેશા સરળ, મધુર અને સભ્ય શબ્દો સાથે વાત કરવી જોઈએ**

સદ્‌ગુરુ સાથે કઠોર, અસભ્ય અને ન બોલવા. જે વચનોનો પ્રયોગ કરવાથી ભવિષ્યમાં વચનયોગ જ ન મળે એવી આશાતનાના કર્મ બંધાય જતાં હોય છે.

પારદર્શક બનીને મધુર વચનો દ્વારા સદ્‌ગુરુ સાથે જ્યારે વાતચીત કરવામાં આવે છે ત્યારે સદ્‌ગુરુ પ્રસન્ન થઈને આપણા માર્ગદર્શક બની જતાં હોય છે.

# ।। मियं अदुट्ठं अणुवीइ भासए ।।

-શ્રી દશવૈકાલિક સૂત્ર

## સદ્‌ગુરુ સમક્ષ અલ્પભાષી બનવું જોઈએ

સદ્‌ગુરુના શબ્દો આપણા કાનમાં પડે એ આપણું સૌભાગ્ય હોય છે. પરંતુ સંસારીના એટલે કે આપણા શબ્દો સદ્‌ગુરુના કાનમાં પડે એ આપણું દુર્ભાગ્ય બની જતું હોય છે.

સદ્‌ગુરુ સમક્ષ બને એટલું અલ્પભાષી બનવું જોઈએ. આપણા શબ્દો સદ્‌ગુરુને વધારે સંભળાવવા કરતાં એમના શબ્દોને સાંભળીને અંદરમાં ગ્રહણ કરવા જોઈએ.

**શક્ય એટલું સદ્‌ગુરુની સમક્ષ મૌન રહેવું જોઈએ.**

# ॥ मुसं परिहरे भिक्खु ॥

-શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્ગુરુ સમક્ષ હંમેશા સત્ય બોલવું જોઈએ

સદ્ગુરુનું વ્યક્તિત્વ સ્વયંમાં જ એક સત્ય હોય છે. એવા સત્પુરુષ પાસે અસત્ય વચનો બોલવાથી ભવિષ્યમાં કોઈ આપણું કહ્યું માને જ નહીં એવા અનાદેય નામ કર્મનો બંધ થાય છે.

સદ્ગુરુની સમક્ષ અસત્ય બોલવું એટલે અરિસાની સામે ઉભા રહીને સ્વયંને છૂપાવવા જેવી મૂર્ખતા હોય છે. કેમકે સદ્ગુરુ તો સર્વ ભાવના જાણકાર હોય છે.

## ।। एवमेयं भंते! तहमेयं भंते! ।।

-શ્રી ભગવતી સૂત્ર

## સદ્ગુરુના વચનોનો પ્રતિસાદ આપવો જોઈએ

સદ્ગુરુના સાંનિધ્યે બેસતાં, સદ્ગુરુ જ્યારે આપણને સંબોધીને કંઈક કહેતાં હોય ત્યારે તુરંત જ પોતાના સ્થાન પરથી ઊભા થઈને **''જી ગુરુદેવ''** અથવા ''આપ જે કહો થો તે જ સત્ય છે'', જેવા યોગ્ય શબ્દો દ્વારા એમના વચનોને સ્વીકારવાનો પ્રતિસાદ આપવો જોઈએ.

કેમકે સત્પુરુષના સત્સાદનો પ્રતિસાદ વારંવાર વારંવાર સત્સાદની પ્રાપ્તિનું કારણ હોય છે.

# || पुणो पुणो वंदइ ||

-શ્રી દશવૈકાલિક સૂત્ર

## સદ્‌ગુરુ સમક્ષ વારંવાર વંદન કરીને ઉપકાર અભિવ્યક્તિ કરવી જોઈએ

અનંત જન્મો પછી સત્યની સમજ આપનારા સદ્‌ગુરુનો જીવને યોગ પ્રાપ્ત થતો હોય છે. એવા સદ્‌ગુરુનો આપણી ઉપર અનંતગુણો ઉપકાર હોય છે અને એ ઉપકારને જ્યારે વારંવાર વારંવાર શબ્દો દ્વારા અભિવ્યક્ત કરવામાં આવે છે ત્યારે સદ્‌ગુરુનો સત્‌યોગ જનમ જનમમાં પ્રાપ્ત થાય અને ફરીને આપણા આત્મા પર આવનારા અજ્ઞાનના આવરણ અટકી જાય એવા પુણ્યનો બંધ થતો હોય છે. સદ્‌ગુરુના બોધરૂપ પ્રવચનનું શ્રવણ કર્યા પછી **વિનય પ્રતિપતિ** એટલે કે, એમણે કરેલાં અનંત ઉપકારની અભિવ્યક્તિ કરવી જોઈએ.

## અહં ણં દેવાણુપ્પિયાણં અંતિએ
## ગિહિધમ્મં પડિવજ્જિસ્સામિ

-શ્રી ઉપાસકદશાંગ સૂત્ર

### સદ્‌ગુરુ સમક્ષ વારંવાર
### આત્મશુદ્ધિ માટેની વિનંતિ કરવી જોઈએ

આપણે સહુ નિમિત્ત આધીન જીવો છીએ. આપણી આસપાસમાં અસત્ નિમિત્તો સૌથી વધુ હોવાના કારણે આપણો મોટા ભાગનો સમય અસત્ વૃત્તિ-પ્રવૃત્તિમાં રહીને અશુદ્ધ બનતો જતો હોય છે.

સદ્‌ગુરુ સમક્ષ જ્યારે વારંવાર વારંવાર પોતાના આત્માને શુદ્ધ બનાવવા માટેની અરજી, આજીજી કે વિનંતિભર્યા શબ્દોની અભિવ્યક્તિ કરવામાં આવે છે ત્યારે સદ્‌ગુરુ પણ શિષ્યના એ ભાવોની સ્વીકૃતિ કરીને એના

આત્માના અવગુણો દૂર કરવાની જવાબદારી લેતાં હોય છે.

**હે પ્રભુ! હું આપની સમક્ષ ગૃહસ્થ ધર્મ સ્વીકાર કરવાની ઈચ્છા રાખું છું. મારી યોગ્યતાનુસાર આપ મને વ્રત ગ્રહણ કરાવો.** આ પ્રમાણે વિનંતિ કરવી જોઈએ.

# || छंदं निरोहेण उवेइ मोक्खं ||

-શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્‌ગુરુ સમક્ષ
## આર્ગ્યુમેન્ટ કરતાં નથી તેનો મોક્ષ થાય છે

સદ્‌ગુરુના દરેક વચનોને **''તહત્તિ''** એટલે કે, **''તમે જેમ કહો એમ''** કહીને સ્વીકાર કરી લેવા જોઈએ.

સદ્‌ગુરુની સામે આર્ગ્યુમેન્ટ કરવી એટલે સત્યની સામે પડકાર કરીને સત્યનું અપમાન કરવા સમાન હોય છે.

કેમકે, સદ્‌ગુરુના વચનોમાં હંમેશા સત્ય સમાયેલું હોય છે. એમાં અંશમાત્ર પણ અસત્યને સ્થાન નથી હોતું. જે વર્તમાનમાં ન સમજાય તો ભવિષ્યમાં સમજાતું હોય છે.

# || सक्कारेमि सम्माणेमि ||

-શ્રી આવશ્યક સૂત્ર

## પધારો શબ્દ દ્વારા સદ્‌ગુરુને આવકારવા જોઈએ

સદ્‌ગુરુનો પ્રવેશ થતાં જ તરત જ ઉભા થઈને, બે હાથ જોડીને 'પધારો પધારો' જેવા શબ્દ પ્રયોગ દ્વારા સદ્‌ગુરુનો આદર-સત્કાર કરવો જોઈએ.

કેમકે, સદ્‌ગુરુ પ્રવેશને આવકારવું તે મંગલતાને આવકારવા સમાન હોય છે. સદ્‌ગુરુને જે આવકારે છે, એને જગત આવકારી લે છે.

# કાયયોગ વિનય

# ।। अंजलिचग्गहेणं ।।

- શ્રી ભગવતી સૂત્ર

## સદ્‌ગુરુ સાંનિધ્યે અંજલિબદ્ધ થઈને બેસવું જોઈએ

પરમાત્માએ સદ્‌ગુરુ સાંનિધ્યે જવાના પાંચ અભિગમ બતાવ્યાં છે. જેમાંનો એક અભિગમ છે **અંજલિકરણ.** સદ્‌ગુરુ સમક્ષ બે હાથ જોડીને એટલે કે અંજલિબદ્ધ થઈને બેસવાથી આપણા હાથમાંથી સતત વહેતી એનર્જી બહારમાં ન જતાં આપણી જ અંદરમાં એકત્રિત થઈને રહે છે જેના કારણે વિચારોનો પ્રવાહ ઓછો થઈ જાય છે જેથી મન એકાગ્ર બને છે. મન એકાગ્ર બનવાથી સદ્‌ગુરુ દ્વારા આપવામાં આવેલાં બોધને સહેલાઈથી ગ્રહણ કરી શકાય છે. સદ્‌ગુરુ સમક્ષ ખુલ્લા હાથે બેસવું તે અવિનય હોય છે.

# ॥ णिसंते सया ॥

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્ગુરુના સ્થાનમાં પહોંચતાં જ શાંત બની જવું જોઈએ

જે સ્થાનમાં સદ્ગુરુ બિરાજમાન થયાં હોય એ સ્થાનના પ્રવેશદ્વારમાં પ્રવેશ કરતાંની સાથે જ કાયાના યોગોને શાંત કરી દેવા જોઈએ.

ધીમે પગલે, વિનયપૂર્વક ચાલીને સદ્ગુરુ સાંનિધ્યમાં પ્રવેશ કરવો જોઈએ. ધમ ધમ કરતાં પગલાના અવાજ સાથે આજુબાજુનો વિવેક રાખ્યાં વિના ઝડપભેર આવવું તે આપણી અંદરમાં ચાલતી નેગેટીવીટીનું પ્રતિક હોય છે. આપણી નેગેટીવીટી દ્વારા સદ્ગુરુ કે અન્ય ભાવિકોની શાંતિમાં ખલેલ પહોંચાડવી તે આશાતનાના કર્મબંધનું કારણ બને છે.

तीसे य महतिमहालियाए
परिसाए धम्मं परिकहेइ

- શ્રી ઉવવાઈ સૂત્ર

## સદ્ગુરુ સાંનિધ્યે થતાં કાર્યક્રમ કે પ્રવચન અવસરે સમયની પહેલા પહોંચવું જોઈએ

પરમાત્માએ કહ્યું છે, પ્રવચન સમયે સદ્ગુરુ પાટ પર બિરાજમાન થાય એ પહેલાં જ સદ્ગુરુને આવકારવા માટે શિષ્યએ સમયની પહેલાં જ આવી જવું તે વિનય હોય છે.

કાર્યક્રમ કે પ્રવચન શરૂ થઈ ગયાં પછી વચ્ચેથી પ્રવેશ કરવાના કારણે સદ્ગુરુની પ્રવચનધારામાં વિક્ષેપ પડે છે. જેના કારણે સદ્ગુરુ મુખેથી વહેતાં બોધમાં અન્ય ભાવિકોને પણ અંતરાય પડે છે. એ સિવાય પણ અધવચ્ચે પ્રવેશ કરવાથી સદ્ગુરુમાં લીન બની ગયેલાં ભાવિકોનું ધ્યાન આવનારી

વ્યક્તિ તરફ જતાં તેઓના ધ્યાનમાં પણ વિક્ષેપ પડતો હોય છે.

સંજોગોના કારણે જો સમયસર ન પહોંચી શકાય તો ચાલુ પ્રવચને સૌથી છેલ્લે કોઈનું ધ્યાન ભંગ ન થાય એ રીતે શાંતિથી બેસી જવું જોઈએ.

પ્રવચન દરમ્યાન વચ્ચે આવીને સદ્‌ગુરુને કરવામાં આવતી આપણી વંદના પણ કોઈના માટે ખલેલનું કારણ ન બને એના માટે સાઈડમાં ઉભા રહીને અથવા સૌથી છેલ્લે ઊભા રહીને વંદના કરવી જોઈએ.

## हत्थसंजए पायसंजए
## वायसंजए संजइंदिए

- શ્રી દશવૈકાલિક સૂત્ર

### સદ્ગુરુ સાંનિધ્યે બેસતાં
### કાયાના યોગોને અંકુશમાં રાખવા જોઈએ

સદ્ગુરુ એક વ્યક્તિ નહીં પરંતુ વ્યક્તિત્વ હોય છે જે અનેક આત્માઓ સાથે જોડાએલાં હોય છે. જેઓ સતત પોતાના આત્મભાવો સાથે જોડાયેલાં હોય છે.

એવા સમયે, એમના સાંનિધ્યમાં બેસતાં આપણે આપણી કાયાની હલન-ચલનને ઓછી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. કાયાના હલનચલન દ્વારા આપણી અંદરની ચંચળતાનો માપદંડ નક્કી થઈ જતો હોય છે. વારંવારના આપણા હાથ-પગના હલન-ચલન

અને કારણ વગરની ઉઠ-બેસના કારણે એક ક્ષણ માટે પણ જો સદ્‌ગુરુના આત્મભાવોમાં વિક્ષેપ પડે તો એ દોષના નિમિત્ત આપણે બની જતાં હોઈએ છીએ. અને એટલી ક્ષણો દરમ્યાન જોજન દૂર બેઠેલાં કેટલાંય આત્માઓને મળતી સદ્‌ગુરુની ભાવ પ્રેરણામાં અંતરાયનું કારણ આપણે બની જતાં હોઈએ છીએ.

# ।। णीयं च आसणाणि ।।

\- શ્રી દશવૈકાલિક સૂત્ર

## સદ્ગુરુના આસનથી
## નીચા આસને બેસવું જોઈએ

જેનું પદ, જેના ગુણો, જેની પવિત્રતા અને જેનું જ્ઞાન શ્રેષ્ઠ હોય એવી વ્યક્તિનું સ્થાન હંમેશા ઊંચું હોય છે.

આ જગતનું સર્વશ્રેષ્ઠ વ્યક્તિત્વ એવા સદ્ગુરુનું સ્થાન હંમેશા આપણા કરતાં ઊંચું હોવું જોઈએ.

**પરમાત્માએ કહ્યું છે,**
સદ્ગુરુના ચરણ જો ભૂમિ પર હોય તો શિષ્યએ પોતાના આસન પરથી એ જ ક્ષણે

નીચે ઉતરી જવું જોઈએ. ઉપકારી સદ્‌ગુરુના સ્થાન કરતાં શિષ્યનું સ્થાન હંમેશા નીચું હોવું જોઈએ. સદ્‌ગુરુથી નીચા આસને બેસનારા શિષ્યો સહજતાથી સદ્‌ગુરુના જ્ઞાનને અને સદ્‌ગુરુના આત્મામાંથી નીકળતાં પોઝીટીવ તરંગોને ગ્રહણ કરી શકતાં હોય છે.

કેમકે પોઝીટીવીટીનો પ્રવાહ હંમેશા નીચેની તરફથી વહેતો હોય છે.

# ॥ उड्ढंजाणु अहोसिरे ॥

- શ્રી ભગવતી સૂત્ર

**સદ્‌ગુરુના સાંનિધ્યે ઉકડુ આસને (બે પગ ઊંચા અને મસ્તક ઝૂકાવીને) દીન થઈને નમ્રતાપૂર્વક બેસવું જોઈએ**

સર્વજ્ઞ વ્યક્તિત્વની સામે આપણા જેવા અલ્પજ્ઞ ક્યારેય અક્કડતાથી ન બેસી શકે. સદ્‌ગુરુની સમક્ષ અત્યંત નમ્રતાપૂર્વક દીન-હીન થઈને બેસવું તે વિનય હોય છે.

કદાચ આપણે ગૌતમ સ્વામીની જેમ ઉકડું આસને ન બેસી શકીએ પરંતુ સદ્‌ગુરુ સમક્ષ પગ ઉપર પગ ચડાવીને બેસવું, ભીંત કે ખુરશીને ટેકો દઈને બેસવું, અસ્તવ્યસ્ત રીતે બેસવું, કોલર ટાઈટ કરીને કે ખિસ્સામાં હાથ રાખીને ઉભા રહેવું એટલે શ્રેષ્ઠ વ્યક્તિત્વની

સામે સામાન્ય વ્યવહાર કરવા સમાન હોય છે. શિષ્યની અક્કડતા ક્યારેય સદ્‌ગુરુને પ્રસન્ન નથી કરી શકતી. નમ્રતાથી જ સદ્‌ગુરુના હૃદયને જીતી શકાતું હોય છે.

સદ્‌ગુરુના સાંનિધ્યે વિનયી શિષ્યની આંખોની પાંપણ પણ મૃદુ હોય, મસ્તક પણ ઝુકેલું હોય, કાયાનું હલનચલન પણ મૃદુતાભર્યું અને ચહેરાના હાવભાવ પણ મૃદુ હોય.

# ।। अलीणगुत्तो परिव्वए ।।

- શ્રી દશવૈકાલિક સૂત્ર

**સદ્‌ગુરુ સાંનિધ્યે પોતાની ઇન્દ્રિયોને ગોપવીને બેસવું, કુદરતી આવેગોને વિવેકપૂર્વક શાંત કરવા જોઈએ**

છીંક, ઉધરસ, બગાસું જેવા શારિરીક આવેગોને રોકી નથી શકાતાં પરંતુ એવા સમયે વિવેક અવશ્ય રાખી શકાય છે.

સદ્‌ગુરુના સાંનિધ્યે છીંક કે બગાસું આવવા પર નાક અને મોઢા પાસે રૂમાલ રાખવાનો વિવેક કરવો જોઈએ. એ સમયે મુખમાંથી નીકળતાં અવાજ પર પણ બને એટલો કંટ્રોલ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ! જેમને શરદી કે ઉધરસ થઈ હોય એવા ભાવિકોએ સદ્‌ગુરુની નજીક ન બેસતાં સૌથી પાછળ

બેસવું જોઈએ! કેમકે, છીંક, ઉધરસ, બગાસું, શરદી આદિ દરેક પ્રક્રિયા મારફત અશુભ પરમાણુઓ ફેલાતાં હોય છે.

સદ્‌ગુરુનાં સાંનિધ્ય દ્વારા આપણે તો ઘણું બધું પ્રાપ્ત કરી લેતાં હોઈએ પરંતુ આપણો અવિવેક સદ્‌ગુરુના સ્વાસ્થ્ય માટે હાનિકારક ન બને તેનું ધ્યાન રાખવું જોઈએ.

# ॥ णिद्दं च ण बहु मण्णिज्जा ॥

- શ્રી દશવૈકાલિક સૂત્ર

## સદ્‌ગુરુ સાંનિધ્યે બેસતાં નિદ્રા ન કરવી જોઈએ

સદ્‌ગુરુ કરૂણાના સાગર હોય છે અને સદ્‌ગુરુ માટે શિષ્ય એ કરૂણાનું પાત્ર હોય છે. સદ્‌ગુરુ પોતાની વાણી દ્વારા શિષ્ય પર કરૂણા કરીને સત્ પ્રેરણાનો સ્રોત વહાવતાં હોય. એવા સમયે, નિદ્રા કરીને, ઝોંકુ ખાઈને બેધ્યાન બની જવું તે સદ્‌ગુરુની આશાતનાની સાથે સદ્‌ગુરુની કરૂણાની પણ અવહેલના હોય છે.

સદ્‌ગુરુની આશાતના કે અવહેલના અનંતકાળ સુધી ગુરુ જ ન મળે એવા અંતરાય કર્મનું કારણ બની જતી હોય છે.

# ॥ सुस्सूसमाणे णमंसमाणे ॥

- શ્રી ભગવતી સૂત્ર

## સદ્‌ગુરુ સમક્ષ વંદનાનો વિનય અર્પણ કરવો જોઈએ

સદ્‌ગુરુના વંદનીય વ્યક્તિત્વમાં પોતાના અસ્તિત્વને વિસર્જિત કરવા માટે અહોભાવિત કરવા માટે સદ્‌ગુરુ ચરણમાં પંચાંગ નમાવીને વંદના અર્પણ કરવી તે પરમ વિનય હોય છે.

વંદના દ્વારા સદ્‌ગુરુની શુભ ઓરા ગ્રહણ કરતાં કરતાં આપણી અશુદ્ધ ઓરાનું શુદ્ધિકરણ થઈ જતું હોય છે.

સદ્‌ગુરુને ઉત્કૃષ્ટ ભાવે વંદના કરવાથી આપણા નીચ ગોત્ર કર્મનો નાશ થઈને ઉચ્ચ

ગોત્ર પુણ્ય કર્મનો બંધ થતો હોય છે.

માટે જ, વંદના એ માત્ર હાથને ફેરવવાની કે શરીરને ઝૂકાવી દેવાની બહારની ક્રિયાનો વિષય નથી હોતો પરંતુ ક્રિયાની સાથે સાથે. સદ્‌ગુરુ કલ્યાણકારી છે, મંગલકારી છે, આત્મહિતકારી છે એવા અંતરના ભાવો સાથે કરવાની હોય છે.

# ॥ अणुजाणह मे मि उग्गहं ॥

- શ્રી આવશ્યક સૂત્ર

## સદ્‌ગુરુની નિકટ જવા માટે આજ્ઞા લેવી જોઈએ

સદ્‌ગુરુ જે સ્થાન પર બિરાજમાન થયાં હોય એની આસપાસના સાડાત્રણ ફુટના વિસ્તારને અવગ્રહ સ્થાન કહેવામાં આવે છે.

સદ્‌ગુરુના શુભ વાઈબ્રેશન્સને કારણે એમનું અવગ્રહ સ્થાન અત્યંત પવિત્રતાથી વ્યાપ્ત હોય છે.

શિષ્યને જ્યારે કોઈ પ્રશ્નના સમાધાન અર્થે સદ્‌ગુરુની નજીક જવા માટે અવગ્રહ પ્રવેશ કરવો હોય ત્યારે,

**‘‘આપની આજ્ઞા હોય તો આપના અવગ્રહમાં પ્રવેશ કરી શકું?’’** અથવા સદ્‌ગુરુ દ્વારા કોઈપણ પ્રકારે સંમતિ મળ્યાં પછી જ અવગ્રહમાં પ્રવેશ કરવો જોઈએ.

સાંસારિક ભાવોથી ઘેરાએલી શિષ્યની મલિન અને અશુદ્ધ ઓરા સદ્‌ગુરુના પવિત્ર અવગ્રહને પણ અશુદ્ધ ન કરી જાય એવી તકેદારી રાખીને જ શિષ્યને અવગ્રહ પ્રવેશની આજ્ઞા મળતી હોય છે.

# ।। कालं छंदोवयारं ।।

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સમય જોઈને ગુરુની નિકટ પત્ર દ્વારા પ્રશ્નનું સમાધાન પામવા જવું જોઈએ

સ્વયંની સાધનામાંથી સમય ફાળવીને પણ ગુરુ અનેક આત્માઓના કલ્યાણ માટેના અનેક કાર્યોમાં વ્યસ્ત રહેતાં હોય છે.

આવી પરિસ્થિતિમાં સદ્‌ગુરુના સાંનિધ્યે એમને કોઈ પ્રશ્ન પૂછવા માટે કે કોઈ સમસ્યાનું સમાધાન પામવા માટે સમય અને સંજોગો જોઈને જવું જોઈએ. સદ્‌ગુરુ કોઈ કાર્યમાં વ્યસ્ત તો નથીને ? સદ્‌ગુરુ કોઈની સાથે કાંઈ વાતચીત તો નથી કરી રહ્યાંને ? સદ્‌ગુરુ સ્વસ્થ તો લાગી રહ્યાં છે ને ? એમને ગૌચરી

કરવામાં હું અંતરાયરૂપ તો નહીં બનું ને ?આ બધી વાતોનું ધ્યાન રાખીને પત્ર આપવા માટે આગળ જવું જોઈએ.

સદ્ગુરુને સમજાય શકે એવા સ્વચ્છ અક્ષરોએ લખેલો પત્ર આપવો જોઈએ.

# ॥ विणएणं पविसित्ता ॥

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્‌ગુરુના દર્શન કે ગુરુ પાસેથી કાંઈ પણ ગ્રહણ કરવા માટે શિસ્ત રાખવી જોઈએ

સદ્‌ગુરુના ચરણ સ્પર્શ કરવા માટે કે સદ્‌ગુરુ પાસેથી કોઈ પદાર્થ ગ્રહણ કરવા માટે ધક્કા-મુક્કી કરીને કે એકસાથે ધસારો ન કરતાં એક પછી એક લાઈનમાં શિસ્તબદ્ધ રીતે જવું જોઈએ. સદ્‌ગુરુ પાસે એક સાથે ટોળું કરીને ઉભા રહેવાથી સદ્‌ગુરુની સમાધિમાં વિક્ષેપ પડતો હોય છે.

સદ્‌ગુરુ પાસેથી વિનય-વિવેક પૂર્વકની પ્રાપ્તિ અને દર્શન જ ફળીભૂત થતાં હોય છે. અવિનયથી પ્રાપ્ત કરેલું હંમેશા નિષ્ફળ જતું હોય છે.

# ।। हट्ठ-तुट्ठ जाव हियए ।।

- શ્રી ઉપાસકદશાંગ સૂત્ર

## સદ્‌ગુરુના સાંનિધ્યે
## પ્રસન્ન મુદ્રામાં બેસવું જોઈએ

સદ્‌ગુરુના સાંનિધ્યને પ્રસન્નતાપૂર્વક માણવું જોઈએ.

પરમ પુણ્યોદયે પ્રાપ્ત થયેલાં સદ્‌ગુરુ સાંનિધ્યમાં ઉદાસીન બનીને બેસવું તે સદ્‌ગુરુની પ્રસન્નતાને પણ ખોરવી નાખવાનું કારણ બનતું હોય છે.

એક વ્યક્તિના ઉદાસીનતાના વાઈબ્રેશન્સ આસપાસમાં બેઠેલી અનેક વ્યક્તિઓને પણ જાણે-અજાણે અસર કરી જતાં હોય છે.

# ॥ अहस्सिरे सया दंते ॥

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્‌ગુરુ સાંનિધ્યે
## ખડખડાટ હસવું ન જોઈએ

સદ્‌ગુરુ સાંનિધ્યનો સમય તે શ્રેષ્ઠ હોય છે અને ખડખડાટ હસવું તે તુચ્છ અને અસભ્ય વર્તનનું પ્રતિક હોય છે.

ખડખડાટ હાસ્ય આસપાસની વ્યક્તિઓની શાંતિમાં પણ ખલેલ પહોંચાડે છે. શ્રેષ્ઠ સમયને તુચ્છ વર્તન દ્વારા વિનયવાન વ્યક્તિ વેડફી ન શકે.

चइउणमासणं धीरो,
जओ जत्तं पडिस्सुणे

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્ગુરુના બોલાવવા પર એક ક્ષણનો પણ વિલંબ ન કરવો જોઈએ

જે ક્ષણે સદ્ગુરુના મુખમાંથી શિષ્યનું નામ બોલાય કે જે ક્ષણે સદ્ગુરુ શિષ્યને બોલાવે એ ક્ષણ પરમ સદ્ભાગી ક્ષણ હોય છે.

ચાહે સદ્ગુરુ કોઈ ભૂલ બદલ ઠપકો આપવા બોલાવતાં હોય કે કોઈ આજ્ઞા આપવા બોલાવતાં હોય, ચાહે કોઈ બોધ આપવા બોલાવતાં હોય કે ચાહે પ્રેરણા આપવા બોલાવતાં હોય ત્યારે કંઈપણ વિચાર્યા વિના એ જ ક્ષણે બે હાથ જોડીને સદ્ગુરુ પાસે જવું જોઈએ.

એ સમયે વિલંબ કરીને સદ્‌ગુરુની ક્ષણોને વેડફવી ન જોઈએ.

સદ્‌ગુરુ દ્વારા કંઈક પૂછવામાં આવતાં શિષ્યએ તુરંત જ ઉભા થઈને બે હાથ જોડીને યોગ્ય જવાબ આપવો જોઈએ. પોતાની જગ્યા પર બેઠાં બેઠાં જ સદ્‌ગુરુને કંઈ પ્રશ્ન કરવો તે અવિનય હોય છે.

પોતાની જગ્યા પરથી ઉભા થઈને, થોડુંક આગળ આવીને જવાબ આપવો તે સદ્‌ગુરુ પ્રત્યેના અહોભાવની અભિવ્યક્તિ હોય છે.

# ||जइ मे अणुग्गहं कुज्जा||

- શ્રી દશવૈકાલિક સૂત્ર

## સદ્‌ગુરુ સાથેની અર્પણ અને ગ્રહણ વિધિને બે હાથથી ઉપકાર ભાવે જ કરવી જોઈએ

સદ્‌ગુરુ એ પૂર્ણ સમર્પણતા પ્રગટ કરવાનું પાત્ર હોય છે. શિષ્ય માટે સદ્‌ગુરુ સર્વસ્વ હોય છે. એટલા માટે જ, પૂર્ણ સમર્પણતાના પાત્રને જ્યારે કોઈપણ વસ્તુ અર્પણ કરવાની હોય ત્યારે બે હાથથી અહોભાવપૂર્વક અર્પણ કરવી જોઈએ. એવી જ રીતે, કોઈપણ પદાર્થો ગ્રહણ કરતી વખતે **બે હાથેથી ગ્રહણ કરીને મસ્તક પર સ્પર્શ કરવાનો** વિનય ભાવ પ્રગટ કરવો જોઈએ. એક હાથેથી ગ્રહણ કે અર્પણ વિધિ કરવી તે તુચ્છતાભર્યો વ્યવહાર હોય છે.

# ॥ उवचिट्ठे गुरुं सया ॥

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્ગુરુ સાંનિધ્યે
## સેવા માટે તત્પર રહેવું જોઈએ

સદ્ગુરુના સાંનિધ્યે બેસતાં વિનયવાન શિષ્ય દરેક ક્ષણે સેવા માટે સાવધાન બનીને રહે છે. પછી એ સેવા સદ્ગુરુ માટે કોઈ વસ્તુ વગેરે લાવી દેવાની હોય કે સદ્ગુરુ માટે કોઈ અનુકૂળતા કરી આપવાની હોય કે પછી સદ્ગુરુની શાંતિ-સમાધિ જળવાય રહે એના માટેની શિસ્ત કે વ્યવસ્થા જાળવવાની હોય !

કેમકે, સાંનિધ્યમાં બેસવાના કલાકો કરતાં પણ સેવાની ક્ષણ બે ક્ષણ વધારે ફળદાયી બનતી હોય છે.

# ॥ વચ્છલ ॥

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્ગુરુ સાંનિધ્યે અન્ય ભાવિકો માટે પણ વાત્સલ્યભાવે અનુકૂળતા કરી દેવી જોઈએ

સદ્ગુરુના સાંનિધ્યનો લાભ વધારેમાં વધારે લોકો પામી શકે એવા પ્રયત્નો કરવા તે વિનયવાન શિષ્યનું કર્તવ્ય હોય છે.અન્યનો વિચાર કર્યા વિના માત્ર પોતે સદગુરુનું સાંનિધ્ય પામી લેવું તે સ્વાર્થ વૃત્તિ હોય છે. સદ્ગુરુના સાંનિધ્યને પામવા માટે જ્યારે અનેક અનેક ભાવિકો આવતાં હોય ત્યારે પોતાનો નિજી સ્વાર્થ છોડીને અન્ય માટે બેસવાની અનુકૂળતા કરી આપવાની પરમાર્થ ભાવના રાખવી જોઈએ. કેમકે અન્ય માટે કરેલી અનુકૂળતા કે અનુમોદના અંતે પોતાની જ અનુકૂળતા બની જતી હોય છે.

# ||अचित्ताणं दव्वाणं विउसरणयाए||

- શ્રી ભગવતી સૂત્ર

**સદ્‌ગુરુ સાંનિધ્યે સોપારી, ગુટકા વગેરે અચેત વસ્તુઓનું સેવન ન કરવું જોઈએ**

સદ્‌ગુરુના સાંનિધ્યે મોઢમાં ચ્યુઈંગમ કે પાન-સોપારી ચગળવા કે પછી પાન મસાલા કે ગુટકા, સિગરેટ વિગેરે વ્યસનોનું સેવન કરવું એટલે સ્વયંની કુસંસ્કારિતાના દર્શન કરાવવા બરાબર હોય છે.

આપણી કુસંસ્કારિતાના કારણે ધર્મક્ષેત્ર જેવા પવિત્ર સ્થાનની પવિત્રતા ડહોળાઈ ન જાય તેવો વિનય-વિવેક ન રાખનાર વ્યક્તિને ભવિષ્યમાં ક્યારેય ધર્મક્ષેત્રની પ્રાપ્તિ જ ન થાય એવા કર્મબંધ થતાં હોય છે.

# ॥ अचित्ताणं दव्वाणं विउसरणयाए ॥

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્‌ગુરુ સાંનિધ્યે
## મોબાઈલ બંધ રાખવો જોઈએ

સદ્‌ગુરુના સાંનિધ્યે માત્ર ને માત્ર સદ્‌ગુરુ-પરમાત્મા સાથે આત્મિક જોડાણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

એ સમયે, સાંસારિક જોડાણ કે સંસારી કાર્યોનો વિચાર માત્ર પણ ન કરવો જોઈએ.

સદ્‌ગુરુના સાંનિધ્યે મોબાઈલ ફોનને જો ચાલુ રાખવામાં આવે તો મન ફરીને સંસારી વિચારોમાં ભટકવા લાગે છે એટલું જ નહીં પરંતુ મોબાઈલ ફોનની રીંગનો અવાજ

સદ્ગુરુના જ્ઞાન-દર્શન અને ચારિત્રના ભાવોમાં પણ વિક્ષેપ પાડવાનું કારણ બને છે. એની સાથે દર્શનાર્થીઓની એકાગ્રતા પણ ભંગ થતી હોય છે.

# ||सचित्ताणं दव्वाणं विउसरणयाए ||

- શ્રી ભગવતી સૂત્ર

## સદ્‌ગુરુના સાંનિધ્યે
## સચેત-અચેત વસ્તુનો પણ વિવેક કરવો જોઈએ

પરમાત્માએ સદ્‌ગુરુના સાંનિધ્યે સચેત વસ્તુના ત્યાગની અને અચેત વસ્તુનો વિવેક કરવાનો બોધ આપ્યો છે.

સદ્‌ગુરુ ભગવંતો છકાયના જીવોને અભયદાન દેનારા હોય છે, તેઓ સચેતના સર્વથા ત્યાગી હોય છે, તેથી સદ્‌ગુરુ સાંનિધ્યના શાંત-સમાધિગ્રસ્ત વાતાવરણમાં આવી કોઈ પણ સચેત વસ્તુઓને લઈ ન જવી જોઈએ.

એવી જ રીતે, સદ્‌ગુરુના સાંનિધ્યે અચેત

વસ્તુઓ લઈ જવાનો પણ વિવેક રાખવો જોઈએ. સદ્‌ગુરુની ઉપસ્થિતિમાં દાંતિયો લઈને વાળ ઓળવા કે ખડખડ અવાજ કરતી થેલી લઈ જવી તે અવિનયી અને અવિવેકી વર્તન હોય છે.

એવી જ રીતે, સદ્‌ગુરુ સાંનિધ્યે ખુરશી પર બેસતાં સમયે ખુરશીનો અવાજ કરવો કે ધર્મક્ષેત્રમાં આવીને જ્યાં ત્યાં ચંપલ ઉતારવા તે પણ અવિનય અને અવિવેકના દોષનું કારણ બને છે.

# ॥ अणिमेस दिट्ठिए ॥

- શ્રી ભગવતી સૂત્ર

## સદ્ગુરુ સાંનિધ્યે થતી ભક્તિ સમયે અનિમેષ દૃષ્ટિ રાખવી જોઈએ અથવા આંખ બંધ રાખવી જોઈએ

ભક્તિ કે પ્રાર્થના એ સદ્ગુરુ-પરમાત્મા સાથે એકમેક થઈને મનોમંથન કરવા માટે હોય છે. ભક્તિને મનોરંજનનો વિષય માનીને, કોણ આવ્યું, કોણ ગયું એ જોવા માટે આંખોને અહીં તહીં ભટકાવવી તે સદ્ગુરુ પ્રત્યેના આદર-સન્માનનું અવમૂલ્યન હોય છે.

ભક્તિ હંમેશા ભાવથી, આંખો બંધ કરીને, એકાગ્ર બનીને કરવી જોઈએ.

## ॥ संबुज्झह! किं ण बुज्झह ॥

- શ્રી સૂયગડાંગ સૂત્ર

## સદ્ગુરુ સાંનિધ્યે ગુરુના દરેક વચનોમાંથી સત્ પ્રેરણા લેવી જોઈએ

સદ્ગુરુના દરેક વચનોમાંથી બ્રહ્મ સત્ય પ્રગટ થતું હોય છે. એવા સત્પુરુષના સાંનિધ્યને સામાન્ય ન માનતાં એમના વચનોમાંથી સત્ પ્રેરણાને પામવાનો સતત પ્રયત્ન કરવો જોઈએ.

બની શકે કે, સદ્ગુરુના મુખમાંથી નીકળેલું કોઈક વચન આપણા ભવોભવના કલ્યાણનું કારણ બની જાય.

# વિહાર વિનય

# ॥ पुरओ गंता आसायण सेहस्स ॥

-શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર

## સદ્‌ગુરુ સાથે ચાલતાં સમયે એમની પાછળ રહીને ચાલવું જોઈએ

વિહાર સમયે વિનયવાન શિષ્યએ હંમેશા સદ્‌ગુરુની પાછળ પાછળ થોડું અંતર રાખીને ચાલવું જોઈએ. સદ્‌ગુરુની સાથે પણ નહીં અને સદ્‌ગુરુની આગળ પણ નહીં.

કેમકે, ચાલતાં ચાલતાં સદ્‌ગુરુના પગની રજ જો આપણા શરીરને સ્પર્શે તો એનાથી મોટું સદ્‌ભાગ્ય બીજું કશું હોતું નથી પરંતુ સદ્‌ગુરુની આગળ ચાલીને જો આપણા પગની રજ સદ્‌ગુરુને સ્પર્શે તો એનાથી મોટું દુર્ભાગ્ય આપણા માટે બીજું કશું હોતું નથી.

# વિહાર વિનય

સદ્‌ગુરુની પાછળ ચાલનારને જગત સામે ક્યારેય પાછું પડવું નથી પડતું અને સદ્‌ગુરુની આગળ ચાલવાથી ગુરુની આશાતના થાય છે. સદ્‌ગુરુની આગળ ચાલનારા જગતમાં ક્યારેય આગળ આવી શકતાં નથી.

# ॥ खमेह अवराहं मे ॥

- શ્રી દશવૈકાલિક સૂત્ર

## સદ્ગુરુ તથા તેમના ઉપકરણોની પણ આશાતના થાય તો ક્ષમા માંગવી જોઈએ

ગુરુના આસન કે ઉપકરણને પગ અડી જાય તો નીચા નમીને તે ઉપકરણની પણ ક્ષમાપના કરી અહોભાવ રાખવો જોઈએ.

સદ્ગુરુ જ્યારે પોતાના આત્મભાવમાં લીન બનીને ચાલતાં હોય ત્યારે દૂરથી જ એમને ભાવ વંદના કે દ્રવ્ય વંદના કરવી જોઈએ. એ સમયે એમના ચરણસ્પર્શ કરવા ન જવું જોઈએ. કદાચ તેમને સ્પર્શ થઈ જાય તો ક્ષમાપના કરવી જોઈએ.

## ॥ अद्रसामंते तित्थयराउसेसे पासित्ता वंदति ॥

- શ્રી ઉવવાઈ સૂત્ર

**માર્ગ પર સદ્‌ગુરુના દર્શન થતાં જ ‘‘મત્થએણ વંદામિનો’’ વિનય કરવો જોઈએ**

**દૂરથી જ તીર્થંકરોના અતિશયરૂપ છત્રને નિહાળીને પ્રભુને વંદન કરવા જોઈએ**

ક્યાંક જતાં-આવતાં અચાનકથી માર્ગ પર જો સદ્‌ગુરુના દર્શન થઈ જાય તો બે હાથ જોડીને અહોભાવપૂર્વક મત્થએણ વંદામિ કહીને જઘન્ય વંદના અર્પણ કરવી જોઈએ.

# વ્યવહાર વિનય

# ॥ मणोरुई चिट्ठइ कम्मसंपया ॥

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## સદ્‌ગુરુને પ્રસન્ન કરવાના સતત પ્રયત્ન કરતાં રહેવું જોઈએ

વિનયવાન શિષ્યનું એક જ લક્ષ્ય હોય કે હું મારા સદ્‌ગુરુને કેવી રીતે પ્રસન્ન કરું ?

સદ્‌ગુરુની પ્રસન્નતા શિષ્યના અનંત લાભનું કારણ હોય છે. **સદ્‌ગુરુ જો શિષ્ય પર પ્રસન્ન થઈ જાય તો શિષ્યને મોક્ષની પણ પ્રાપ્તિ થઈ જતી હોય છે.**

માટે દરેક શિષ્યએ સતત અને સતત, મારા સદ્‌ગુરુને શું ગમે છે ? મારા સદ્‌ગુરુને શું નથી ગમતું ? મારા સદ્‌ગુરુને શું પ્રિય કે અપ્રિય

છે ? એવા ચિંતન સાથે એમને પ્રસન્ન કરવાનો સત્ પુરુષાર્થ કરવો જોઈએ.મારા સદ્ગુરુને મારા આ અવગુણો નથી ગમતાં તો એ અવગુણોને ત્યજી દેવા જોઈએ. મારા સદ્ગુરુને મારા આ ગુણો ગમે છે તો હું એમાં વૃદ્ધિ કરું. આવી રીતે અનેક પ્રકારે સદ્ગુરુને પ્રસન્ન કરવા જોઈએ.

## ।। अणगारं सत्तट्ठपयाइं पच्चुगच्छइ ।।

- શ્રી વિપાક સૂત્ર

## ગુરુને આવકારવા તેમ જ મૂકવા જવા સાત - આઠ કદમ આગળ જવું જોઈએ

**પ**રમાત્માએ કહ્યું છે ગુરુ જ્યારે પધારવાના હોય ત્યારે એમને લેવા માટે સાત-આઠ ડગલા આગળ જવું જોઈએ અને ગુરુ જ્યારે વિહાર કરવાના હોય ત્યારે પણ એમને મૂકવા માટે જવું તે વિનય હોય છે.

કેમકે અતિથિનું આતિથ્ય પૂર્ણ આદરભાવ અને સત્કાર સાથે કરવું જોઈએ, અને આપણા પરમ ઉપકારી અતિથિ એવા ગુરુનો આદર સત્કાર અત્યંત અહોભાવ અને ભક્તિભાવ સાથે કરીને એમના પદનું ગૌરવ જાળવવું તે

દરેક વિનયવાન શિષ્યનું કર્તવ્ય હોય છે.

આપણી સંસ્કૃતિમાં જ્યાં સંસારી અતિથિઓને પણ આવકારવાનો વિનય બતાવવામાં આવ્યો છે ત્યાં ગુરુ-પરમાત્મા જેવા ઉપકારી અતિથિઓના આદર સત્કારમાં અંશમાત્ર પણ કચાશ ન રાખવી જોઈએ.

## સદ્‌ગુરુ ભક્તો સાથે પણ નમ્રતા પૂર્વકનો વ્યવહાર કરવો જોઈએ

**સ**દ્‌ગુરુ આજ્ઞાને અનુસરનારા દરેક સાધર્મિકો તે આપણા સદ્‌ગુરુ બાંધવો હોય છે. એમની સાથે પણ વિનયવાન શિષ્યએ નમ્રતાપૂર્વકનો વ્યવહાર કરવો જોઈએ. એમની સાથેનો વ્યવહાર, એમની સાથેની વાતચીત અને ‘‘**દેવાનુપ્રિય**’’ જેવા સંબોધન સાથે સદ્‌ગુરુના વિનયવાન શિષ્ય તરીકેની ગરિમા જાળવવી જોઈએ.

## અન્ય આત્માઓને પણ સદ્‌ગુરુની પ્રાપ્તિ કરાવવી જોઈએ

**હે દેવાનુપ્રિયે !** તમે પણ જાઓ, અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરો.

ગયા જન્મમાં કરેલાં પુણ્યના આધારે પ્રાપ્ત થએલાં સદ્‌ગુરુના યોગને અન્ય જીવોને પણ પમાડવાનો પ્રયત્ન શિષ્યએ કરવો જોઈએ. પોતે જે પામ્યાં, શ્રેષ્ઠતાને પામ્યાં તેવી શ્રેષ્ઠતા અન્ય લોકો પણ પામે એવા શુભ ભાવ કરવા જોઈએ.

અન્યને સદ્‌ગુરુના યોગ પમાડવાની અનુમોદના આવતા ભવે ફરીને સ્વયંને સદ્‌ગુરુના યોગની પ્રાપ્તિ કરાવી જાય છે.

## સદ્‌ગુરુ સાંનિધ્યે
## કાંઈ પણ ખાવું - પીવું જોઈએ નહીં

**સ**દ્‌ગુરુનું સાંનિધ્ય આત્માની તરસને તૃપ્ત કરવા માટે હોય છે, આત્માની ક્ષુધાને શાંત કરવા માટે હોય છે, નહીં કે પેટની ભૂખ સંતોષવા માટે! આપણા અનંત કર્મોની

નિર્જરા કરાવી દેતાં સદ્‌ગુરુના સાંનિધ્યે ખાવા-પીવાનો અવિનય અને અવિવેક તે સદ્‌ગુરુના સાંનિધ્યનું અવમૂલ્યન હોય છે.

સદ્‌ગુરુ સાંનિધ્ય તે પરમાત્માના સમવશરણ સમાન હોય છે અને સમવશરણમાં આવનારા લોકો અનંતકાળ પછી પ્રાપ્ત થએલી અમૂલ્ય ક્ષણોને અવિવેક કરીને ક્યારેય ન વેડફી શકે.

**સદ્‌ગુરુ આરામમાં હોય ત્યારે મૌન રહીને ધ્યાનમાં બેસવું જોઈએ.**

વિનય પૂર્વકનું વર્તન માત્ર સદ્‌ગુરુની ઉપસ્થિતિમાં જ ન હોય. પરંતુ સદ્‌ગુરુ જ્યારે આરામમાં હોય અથવા એમની આત્મસાધનામાં કે કોઈ મિટીંગમાં વ્યસ્ત હોય ત્યારે એમની અનુપસ્થિતિમાં પણ ઘોંઘાટ કે વાતચીત કર્યા વિના શાંતિથી એક સ્થાન પર

બેસીને ધ્યાન, માળા કે વાંચનમાં લીન રહેવું જોઈએ.

કેમકે આપણા વિનય કે અવિનયના વર્તન જોઈને અન્ય વ્યક્તિઓ પણ એનું અનુસરણ કરતાં હોય છે. આપણે કોઈના અવિનયી વર્તનનું નિમિત્ત ન બનીએ પરંતુ વિનયી વર્તનના સત્ નિમિત્ત બનીએ !

## સદ્‌ગુરુ સાંનિધ્યે
## ગંદકી ન કરતાં સ્વચ્છતા જાળવવી જોઈએ

ધર્મક્ષેત્ર તે પરમાત્માનું ધામ હોય છે. પરમાત્માના ધામમાં પરમાત્માના અંશ એવા સદ્‌ગુરુની ઉપસ્થિતિમાં ગંદકી કરવાથી, ત્યાંની વસ્તુઓને અસ્ત-વ્યસ્ત કરવાથી ધર્મક્ષેત્રની આશાતનાનો દોષ લાગતો હોય છે.

જેના કારણે ભવિષ્યમાં ધર્મક્ષેત્રની પ્રાપ્તિ દુર્લભ બની જતી હોય છે, બની શકે તો ધર્મક્ષેત્રને આપણે સ્વચ્છ રાખીએ પરંતુ ગંદકી તો ન જ કરીએ. બની શકે તો આરાધના કરીએ પરંતુ આશાતના તો ન જ કરીએ.

**સદ્‌ગુરુ જવાની આજ્ઞા કરે તો એ જ ક્ષણે જતું રહેવું જોઈએ.**

**આ**વનારા સમયમાં કઈ વ્યક્તિ પર કયા પ્રકારની વિપત્તિ કે આપત્તિ આવવાની સંભાવના છે અથવા તો કઈ વ્યક્તિએ કયા સમયે કયા ક્ષેત્રમાંથી નીકળી જવું યોગ્ય રહેશે આવી ભવિતવ્યતાના પારખુ એવા સદ્‌ગુરુ જ્યારે પણ કોઈ વ્યક્તિને સાંનિધ્યમાંથી બહાર જવાની કે સાંનિધ્યમાં આવવાની આજ્ઞા કરે ત્યારે કોઈ પણ વિકલ્પ વિના એમની

આજ્ઞા પ્રમાણે કરી લેવું જોઈએ.

કેમકે આપણે અજ્ઞાની જીવો સદ્ગુરુની દીર્ઘ દૃષ્ટિને પારખવા સમર્થ નથી હોતાં.

## સદ્ગુરુની આજ્ઞા લેવામાં પણ વિવેક રાખવો જોઈએ

ભૌતિક કે સાંસારિક કાર્ય અર્થે, મનોરંજન અર્થે કે હરવા ફરવા માટે હંમેશા સદ્ગુરુના ભાવોને જાણવા જોઈએ. એવા કાર્યો માટે સદ્ગુરુ ક્યારેય આજ્ઞા ન આપી શકે.

કેમકે, એવા કાર્યોમાં આપણા દ્વારા જેટલાં કર્મબંધ થાય એના જવાબદાર સદ્ગુરુ બની જતાં હોય છે. એક સમર્પિત શિષ્યને જ્યારે દરેક કાર્ય અર્થે સદ્ગુરુની આજ્ઞા લેવી જરૂરી

હોય છે ત્યારે તે આજ્ઞા લેવામાં પણ વિવેક હોવો જોઈએ. જેવી રીતે કોઈ શિષ્યને વિદેશમાં જવાની આજ્ઞા લેવી હોય તો... **''હે સદ્‍ગુરુદેવ! અમુક ક્ષેત્રમાં જવાના મારા ભાવ છે તો ત્યાં જઈને હું ક્યા પ્રકારની સાધના કે ધર્મધ્યાન કરી શકું?''** આવા પ્રકારનો પ્રશ્ન પૂછવા પર ગુરુ જો કોઈ સાધનાની સંમતિ આપે છે અથવા નથી આપતાં એ પ્રમાણે શિષ્યે સદ્‍ગુરુના ભાવોને જાણી આજ્ઞા લેવાનો વિવેક રાખવો જોઈએ.

## ગુરુ સાંનિધ્યે જતાં વસ્ત્રો નો પણ વિવેક રાખવો જોઈએ

**સ**દ્‍ગુરુ સાંનિધ્યનું સ્થાન તે આત્મશુદ્ધિનું સ્થાન હોય છે, આરાધનાનું સ્થાન હોય છે. આવા સ્થાનમાં વિવેકપૂર્વક શ્વેત વસ્ત્રો

પરિધાન કરીને જવું જોઈએ.

રંગીન વસ્ત્રો, ટૂંકા કે શરીરના અંગોપાંગ પ્રદર્શિત કરે એવા ફેશનેબલ વસ્ત્રો પહેરીને ગુરુ સાંનિધ્યમાં જવું તે અવિવેકની સાથે સાથે અન્ય ભાવિકોના મનને પણ ચંચલ કરવાનું નિમિત્ત હોય છે. બની શકે તો આપણે કોઈની સાધનાના નિમિત્ત બનીએ પરંતુ ધર્મક્ષેત્રમાં કોઈના માટે વિકાર કે ચંચલતાનું નિમિત્ત તો ન જ બનીએ.

**કાર્યક્રમમાં પ્રવેશ કરતાં સમય તથા માર્ગ પર ચાલતા ગુરુના ચરણસ્પર્શ ન કરવા જોઈએ.**

**ગુ**રુ સાંનિધ્યે થતાં જાહેર કાર્યક્રમોમાં કે મહોત્સવમાં જ્યારે વિશાળ સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ હોય ત્યારે માર્ગ ઉપર ગુરુના પ્રવેશ

સમયે એમના ચરણ સ્પર્શ કરવા જતાં અન્ય ભાવિકોને પણ એનું અનુકરણ કરવા માટે આગળ આવવું હોય ત્યારે ધક્કામુક્કી સર્જાઈ જતી હોય છે. એ સમયે વિશાળ સમુદાયની વ્યવસ્થા ખોરવાઈ જવા સાથે ગુરુના ચાલવામાં આપણા હાથની આડશ આવવાના કારણે ગુરુ માટે આપણે અશાતાનું કારણ ન બની જઈએ એ માટે દૂરથી જ ગુરુને ભાવ વંદન કરી લેવા જોઈએ.

ગુરુના પગલે પગલે પુણ્યના નિધાન સર્જાઈ જતાં હોય છે. ગુરુ ચરણની સ્પર્શના જે ભૂમિ પર થતી હોય એ ભૂમિ પણ પાવન બની જતી હોય છે. કેમકે ગુરુના દરેક ચરણ અનેક અનેક જીવો માટે કલ્યાણનું કારણ બની જતાં હોય છે. એવા ઉપકારી ગુરુ સાથે વિહાર કરવાનો

યોગ એમની વિહારયાત્રામાં જોડાવાનો યોગ કોઈક જ સદ્ભાગી આત્માને પ્રાપ્ત થતો હોય છે. પરંતુ એ સદ્ભાગ્ય દુર્ભાગ્યમાં પરિવર્તિત ન થઈ જાય એના માટે વિનયવાન વ્યક્તિએ પળેપળની સાવધાની રાખવી અત્યંત જરૂરી હોય છે. કેમકે, એક ક્ષણ માત્રની પણ અસાવધાનીના કારણે થતી ગુરુની આશાતના શિષ્ય માટે લાંબા સમયની અશાતા બની જાય છે.

## ગુરુની છાયાને પણ ઓળંગીને ન જવું જોઈએ

ગુરુની માત્ર દૃષ્ટિ જ નહીં, ગુરુના માત્ર દર્શન જ નહીં પરંતુ ગુરુની છાયા પણ જેના પર પડે એના ભાગ્ય ખીલી જતાં હોય છે. કેમકે,

ગુરુના શ્વાસ-ઉચ્છ્વાસથી લઈને એમના સમગ્ર અસ્તિત્વમાંથી પાવનતા પ્રસરાતી હોય છે.

ગુરુ ઉભા હોય ત્યારે એમને કે એમની છાયાને પણ ઓળંગીને જવું તે ગુરુના અસ્તિત્વને નગણ્ય કરવાનો અવિનય હોય છે. જે ગુરુના અસ્તિત્વને નગણ્ય કરતાં હોય છે એ પોતે જ જગતમાં નગણ્ય બની જતાં હોય છે.

# વિનય

**ગુરુની ઈચ્છામાં જીવવું તે વિનય હોય છે અને ગુરુનો વિનય તે મોક્ષમાં જવાનો પાસપોર્ટ હોય છે.** ગુરુનો વિનય તે શિષ્ય માટે અત્યંત લાભનું કારણ હોય છે. પરંતુ ગુરુનો અવિનય તે શિષ્યના અનંત અહિતનું કારણ બની જતો હોય છે.

અવિનય દ્વારા ગુરુની જે અશાતના કરે છે તે શિષ્યનું પતન થઈ જતું હોય છે. કહેવાય છે કે, આષિવિષ સર્પનો ઝેરીલો ડંખ માત્ર એક જીવનનો નાશ કરી દે છે પરંતુ અવિનય દ્વારા ગુરુને અપ્રસન્ન કરનારા શિષ્યને જન્મોજન્મ સુધી બોધિની એટલે કે દેવ–ગુરુ અને ધર્મની પ્રાપ્તિ નથી થતી. આપણે સહુ વિનયવાન બનીને ગુરુની આશાતનાથી બચીએ અને આપણા ભાવિને ભવ્ય બનાવીએ !!!

સદ્ગુરુ તત્વની પ્રાપ્તિનું પરિબળ...

અને સર્વ ગુણોના માતૃસ્થાન...

એવા, ‘વિનયગુણ’ની વૃધ્ધિ કરાવતી...

માર્ગદર્શિકા.. પથદર્શિકા સ્વરૂપ...

પ્રસ્તુત પુસ્તિકા ‘મારો વિનય’

સહુના અંતરમાં ગુરુ પરમાત્મા પ્રત્યેના

પરમ વિનયનું પ્રાગટ્ય કરાવે એ જ

અંતર અભિલાષા !

₹ 25/-